**<u>–: ક્રિમીનલ અપીલ નં. ૩૪૧/૨૦૨૫ નાં કામે રજૂ થયેલ બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ : ૪૩૦ અન્વયેની આંક–૫ અને ૭ ની અરજી અન્વયે હુકમ :–</u>**

(૧) હાલની મુળ અરજી એપેલન્ટ/આરોપી ધ્વારા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ : ૪૧૫ મુજબ તેઓને મળેલ અધિકારો અન્વયે વિ. મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા ક્રિમીનલ કેસ નં. ૪૫૩/૨૦૧૭ નાં કામે તા. ૦૪/૦૯/૨૦૨૫ નાં રોજ જે હુકમ કરવામાં આવેલ છે તે અન્વયે દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ અરજી દાખલ થતા આ કામના સામાવાળાનાઓને નોટીસ કરવામાં આવેલ છે. જે નોટીસ આ કામના સામાવાળાનાઓને બજી ગયેલ હોવા છતાં, તેઓ કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કોઈ રીપોર્ટ રજૂ કરેલ નથી. જેથી સામાવાળાનો આંક : ૦૫ તથા આંક : ૦૭ ના જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ક્રિમીનલ કેસ નં. ૪૫૩/૨૦૧૭ નાં કામે એપેલન્ટ / આરોપીની ઈ.પી.કોડની કલમ– ૩૨૪ મુજબના કામે દોષીત ઠરાવી ઈ.પી.કો.કલમ : ૩૨૪ ના ગુન્હા સબબ ૨–વર્ષની સાદી કેદની સજા તથા રૂા. ૧,૦૦૦/– નો દંડ ની સજા તથા જો, દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવી તે મુજબનો આદેશ કરેલ છે.

(૪) ઉપર નોંધ કરેલ છે તે મુજબ એપેલન્ટ/આરોપીને વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા સજાનો હુકમ કરવામાં આવેલ છે જેથી તેવું કહી શકાય કે ટ્રાયલ કોર્ટ ધ્વારા ૩–વર્ષથી વધુ સજાનો હુકમ કરવામાં આવેલ નથી. ટ્રાયલ કોર્ટ ધ્વારા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ : ૪૩૦(૩) મુજબ એપેલન્ટ/આરોપીને જે સજા કરવામાં આવેલી છે. તે હુકમ ૩૦–દિવસ સુધી મોકુફ રાખેલ છે અને એપેલન્ટ/આરોપીને રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કર્યે થી તારીખ : ૦૪/૦૯/૨૦૨૫ ના રોજ જામીન મુકત કરવામાં આવેલ છે.

(૫) આ કામે એપેલન્ટ/આરોપી ટ્રાયલ દરમ્યાન જામીન ઉપર રહેલ હોવાનું જણાય છે. વધુમાં એપેલન્ટ/આરોપી ને ત્રણ વર્ષથી વધુ કેદની સજાનો હુકમ થયેલ નથી તેવાં સંજોગોમાં હાલની અપીલ ચાલતા હાલની સ્થિતિએ લાંબો સમય લાગે તેવું હોય, તે રીતે એપેલન્ટ/આરોપીને અપીલ સમય દરમ્યાન જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો એપેલન્ટ/આરોપીની અપીલનો કોઈ અર્થ રહે નહિં તે સંજોગો ધ્યાને લઈને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ : ૪૩૦(૧) મુજબ હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાય છે. તે હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) એપેલન્ટ/આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ : ૪૩૦ ની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામનાં એપેલન્ટ/આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા ઈ.પી.કોડની કલમ–૩૨૪ ના કામે દોષીત ઠરાવી જે કેદની સજાનો હુકમ કરેલ છે તે આ અપીલના આખરી નિકાલ સુધી મોકુફ રાખવામાં આવે છે.

(૩) આ કામના એપેલન્ટ/આરોપી રૂ.૧૦,૦૦૦/– ના જામીન તેમજ તેટલી જ રકમનો જાતમુચરકો વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કર્યેથી એપેલન્ટ/આરોપીને અપીલ સમય દરમ્યાન અપીલના કામે નિયમિત હાજર રહેવાની શરતે જામીન મુકત કરવામાં આવે છે.

(૪) આ એપેલન્ટ/આરોપીએ તેમની સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી.

(૫) એપેલન્ટ/આરોપીએ ફરીયાદપક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.તેમજ ફરિયાદી તથા સાહેદોને ધાક–ધમકી આપવી નહી કે તેમને ફોડવાનો પ્રયત્ન કરવો નહી.

(૬) એપેલન્ટ/આરોપીએ અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૭) એપેલન્ટ/આરોપીએ તેમનુ તાજેતરનુ અને કાયમી સરનામુ તેમના મોબાઈલ નંબર સહીત કોર્ટ સમક્ષ રજુ કરવુ અને કોર્ટની પરવાનગી વિના તે બદલવુ નહી.

- જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવા.
- કચેરીએ ટ્રાયલ કોર્ટમાંથી રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ મંગાવવું.
- કચેરીએ હુકમ મુજબ તાત્કાલિક યાદી કરવી.

હુકમ આજ તા. ૦૪ થી, માહે :– ઓકટોબર, સને :– ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૪/૧૦/૨૦૨૫.
અમદાવાદ.

**(એન.પી.ઉનડકટ)**
૧૨–મા અધિક સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા.
**Code No- GJ-01058**